# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૦ તા.૨૨-૩-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૨ માટેની નિદાન પ્રક્રિયાના બીજા તબક્કા માટેની એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ :- એસએસએ/એમઆઈએસ/૨૦૧૯/૧૦૯૧૫-૧૦૯૫૧ તા.૧૬-૧-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૮-૧૯માં રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે ધોરણ-૨ની નિદાન કસોટીનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી અને ગણિત વિષયની ધોરણ-૨નાં વિદ્યાર્થીઓની નિદાન કસોટીના પરિણામની ઓનલાઈન એન્ટ્રી કરવાની થાય છે. જે તા.૨૬-૦૩-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. આ સાથે સામેલ બિડાણ પત્ર મુજબ ઓનલાઈન એન્ટ્રી કરવા માટેની લીન્ક આપેલ છે. જે મુજબ એન્ટ્રી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૨-૩-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો.૩ થી ૮ના દરેક વિષયની એકમ કસોટી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત આગામી ૨૩ માર્ચ ૨૦૧૯ના રોજ ધો.૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન વિષયની અને ધો.૩ થી ૫માં ગણિત વિષયની કસોટી લેવાની હતી. પરંતુ રાજ્ય સરકારની સૂચના મુજબ હવેથી તા.૨૩ માર્ચ-૨૦૧૯ને બદલે તા.૨૬ માર્ચ-૨૦૧૯ના રોજ ધો.૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન વિષયની અને ધો.૩ થી ૫માં ગણિત વિષયની કસોટી લેવાની રહેશે.

તા.૨૨-૩-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

સમગ્ર શિક્ષા અભિયાન
સેકટર નં. ૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત રાજય
ફોન નં. :૦૭૯-૪૩૧૩૩
ફેકસ :- ૦૭૯-૨૩૨૩૨૪૩૬
ટોલ ફ્રી નંબર ; ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

ક્રમાંક : SSA/MIS/૨૦૧૯/ ૧૦૯૫૫-૧૦૯૫૬ તા. ૧૬ /૩/૨૦૧૯

પ્રતિ

(૧) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન કચેરી
જિલ્લાઃ તમામ

(૨) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથિમક શિક્ષણ સમિતિ
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ કોર્પોરેશન

વિષયઃ રાજયની પ્રાથમિક શાળાઓમાં ધો. ૨ માટેની નિદાન પ્રક્રિયાના બીજા તબકકા માટેની એન્ટ્રી કરવા બાબત

સંદર્ભઃ શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ જશભ/૧૨૧૯/સિંફા.૪૪/ન તા. ૨૯/૧/૨૦૧૯

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૮-૧૯માં રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે ધો-૨ની નિદાન કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી અને ગણિત વિષયની ધો.૨ના વિદ્યાર્થીઓની નિદાન કસોટીના પરીણામની ઓનલાઈન એન્ટ્રી કરવાની થાય છે. ધો-૨ની નિદાન કસોટીના બીજા તબકકા માટેની શાળાવાર વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રીની કામગીરી સી.આર.સી. કો.ઓર્ડિનેટર કરવાની રહેશે. ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી કરવાની રહેશે નહિ. બી.આર.સી. કો.ઓર્ડિનેટરે આ એન્ટ્રીની કામગીરીનું સંકલન અને સુપરવિઝન કરવાનું રહેશે. આ તમામ કામગીરીની જવાબદારી જિલ્લા એમ.આઈ.એસ.ની રહેશે. ધો.૨ની નિદાન કસોટીની ઓનલાઈન એન્ટ્રી તા. ૨૬/૦૩/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નિદાન કસોટીના બીજા તબકકા માટેની ગુજરાતી/ગણિત વિષયવાર વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી કરવા માટે ધ્યાનમાં રાખવાની અગત્યની સુચનાઓ નીચે મુજબ છે.

૧. સૌ પ્રથમ નીચે મુજબની લીંક ઓપન કરો. આ સાથે આપેલ QR Code સ્કેન કરવાથી પણ લીંક ઓપન કરી શકાશે.

Link: (URL):http://gg.gg/std2NidanKasotiV2

૨. નિદાન કસોટી માટે શાળાના આધાર ડાયસના યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરી ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

૩. લોગીન કર્યા બાદ ડાબી બાજુની પેનલમાં "Std2 Data Entry" ટેબ દેખાશે, જેની ઉપર ક્લિક કરવાથી જે તે શાળાનાં ધોરણ-૨ના તમામ વિદ્યાર્થીઓની યાદી જોવા મળશે.

**ખાસ નોંધઃ**

૧) સી.આર.સી./બી.આર.સી. કો.ઓર્ડિનેટરે નિદાન કસોટીમાં દર્શાવેલ શાળાનાં વિદ્યાર્થીઓની યાદીને આધાર ડાયસના ધોરણ-૨ની યાદી સાથે ચકાસણી કરાવવાનું રહેશે.

૨) યાદીમાં ભૂલ/ક્ષતી જણાયતો શાળાવાર ધોરણ-૨ની યાદી મુજબ આધાર ડાયસની યાદીમાં અપડેટ કરાવવાનું રહેશે.

૪. નિદાન કસોટીમાં બીજા તબક્કામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી કરવાની રહેશે નહિ. ગેજરહાજર હોય તે વિદ્યાર્થીઓના તમામ ડેટા બ્લેન્ક રાખવાનો રહેશે.

૫. ધો-૨ નિદાન કસોટીમાં બીજા તબક્કામાં વિદ્યાર્થીઓની સામે ગુજરાતી/ગણિતમાં આપેલ તમામ પ્રશ્નવાર કોડની એન્ટ્રી થઈ ગયેલ હશે તેની સામે Green કલરનું Button દેખાશે, જે વિદ્યાર્થીઓની ની ગુજરાતી/ગણિત વિષયમાં એન્ટ્રી પૂર્ણ થયેલ છે. નિદાન કસોટીમાં વિદ્યાર્થીઓની સામે ગુજરાતી/ગણિતમાં આપેલ તમામ પ્રશ્નવાર કોડની એન્ટ્રી સામે Red કલરનું Button દેખાશે તો વિદ્યાર્થીઓની ગુજરાતી/ગણિત વિષયમાં એન્ટ્રી બાકી છે.

૬. નિદાન કસોટીમાં બીજા તબક્કામાં વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી કર્યા બાદ જો ગુજરાતી/ગણિત વિષયમાં વિદ્યાર્થીઓના કોડમાં ફેરફાર જણાય તો તેને સુધારવા માટે વિદ્યાર્થીઓની સામે આપેલ Entry બટન પ્રેસ કરતાં જુના ડેટા સાથે વિષયવાર તમામ ૨૫ પ્રશ્નોની યાદીના જુના કોડ ભરાઈ જશે, જુના ડેટામાં જે પ્રશ્નની સામે કોડનો સુધારો કરવાનો હોય ત્યાં નવો કોડ આપી ફરી Save કરવાનું રહેશે.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર